અપીલ અરજી નં.૨૨૪ તા.૨૨–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રામદાસભાઈ ભીખાભાઈ ચૌધરી

સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસભાઈ ભીખાભાઈ ચૌધરી તા.૧૪–૯–૦૯ની અરજીથી મુદૃા નં.(૧)આંજણા ટેના.ઝુંપડપટૃી (માછીવાડ)નું ડીમોલીશન કયારે અને કયા મહીનાની તારીખે કરવામાં આવ્યું તે અંગે સર્વે કરવામાં આવ્યુ છે? તારીખ અને મહીનો જણાવશો. મુદૃા નં.(૨) સર્વે સમયે કેટલા ઝુંપડા હતાં અને કેટલા અસરગ્રસ્તોને મકાનની ફાળવણી થઈ અને કયા પુરાવાના આધારે ફાળવણી થઈ તે પુરાવા લેખિતમાં જણાવશો. મુદૃા નં.(૩) સ્થા.સ.ના થયેલ ઠરાવમાં વૈકલ્પિક અસરગ્રસ્ત માટે જે મકાનની ફાળવણી અંગે લીંબાયતઝોનને મળેલ પરિપત્રની નકલ મુદૃા નં.(૪) ૪૧ઈ–૯૨ –૨૦૫૩ –૦ –૦૦૧ અને ૪૧ઈ–૯૨–૨૦૬૫–૦–૦૦૧ કેટલા વર્ષથી દાખલ છે તેના નામ સરનામાં અને આકારણી દફતરે નામ હોય તો તેના વેરા બીલની નકલ મુદૃા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજુકરની તા.૨૨–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૪/૨૦૦૯–૧૦

શ્રી રામદાસભાઈ ભીખાભાઈ ચૌધરી તા.૧૪–૯–૦૯ની અરજીથી મુદૃા નં.(૧)આંજણા ટેના.ઝુંપડપટૃી (માછીવાડ)નું ડીમોલીશન કયારે અને કયા મહીનાની તારીખે કરવામાં આવ્યું તે અંગે સર્વે કરવામાં આવ્યુ છે?તારીખ અને મહીનો જણાવશો. મુદૃા નં.૨ સર્વે સમયે કેટલા ઝુંપડા હતાં અને કેટલા અસરગ્રસ્તોને મકાનની ફાળવણી થઈ અને કયા પુરાવાના આધારે ફાળવણી થઈ તે પુરાવા લેખિતમાં જણાવશો. મુદૃા નં.૩ સ્થા.સ.ના થયેલ ઠરાવમાં વૈકલ્પિક અસરગ્રસ્ત માટે જે મકાનની ફાળવણી અંગે લીંબાયતઝોનને મળેલ પરિપત્રની નકલ મુદૃા નં.૪ ૪૧ઈ–૯૨ –૨૦૫૩ –૦ –૦૦૧ અને ૪૧ઈ–૯૨–૨૦૬૫–૦–૦૦૧ કેટલા વર્ષથી દાખલ છે તેના નામ સરનામાં અને આકારણી દફતરે નામ હોય તો તેના વેરા બીલની નકલ મુદૃા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુદૃા નં.૧ થી ૩ ની માહિતી નહીં મળ્યાનું તથા મુદૃા નં.૪ માં અન્યાય બાબત જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૬ તા.૨૭–૧૦–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૯૬ તા.૧૩–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. તેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા પૂરક વિગતમાં નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૮૧ તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ, ફી ભર્યાની પહોંચ, નોંધ વિભાગ જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ મુદૃા નં.૪ ની માહિતી નં.સાઈ.ઝોન/મહેકમ/૨૪૩૩ તા.૯–૧૦–૦૯ ના પત્રની નકલ તથા પોસ્ટ કર્યાના પુરાવાની નકલ તથા મુદૃા નં.૧ થી ૩ સા.ઈ.ઝોન/મહેકમ /૨૫૬૪ તા.૧૬–૧૦–૦૯ ના રોજ અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, સ્થા.સ.ઠરાવ નં.૧૮૩૮/ ૨૦૦૭તા.૨૮–૧૨–૦૭ ની નકલ, સ્થા.સ.ઠ. નં.૮૧૪/૨૦૦૯ તા.૨–૭–૦૯ ના ઠરાવની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૪–૯–૦૯ ની અરજીથી (૧)આંજણા ટેના.ઝુંપડપટૃી (માછીવાડ)નું ડીમોલીશન કયારે અને કયા મહીનાની તારીખે કરવામાં આવ્યું તે અંગે સર્વે કરવામાં આવ્યુ છે? તારીખ અને મહીનો જણાવશો. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોન આંજણા ટેનામેન્ટ ઝુંપડપટૃી (માછીવાડ) નું ડીમોલીશન તા.૧૬–૨–૦૯ ના રોજ કરવામાં આવેલ છે. ડીમોલીશન કરતાં પહેલા તે સર્વે સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા સને ૨૦૦૫ માં ઠરાવવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદૃા નં.(૨) સર્વે સમયે કેટલા ઝુંપડા હતાં અને કેટલા અસરગ્રસ્તોને મકાનની ફાળવણી થઈ અને કયા પુરાવાના આધારે ફાળવણી થઈ તે પુરાવા લેખિતમાં જણાવશો. જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ધ્વારા માછીવાડ ઝુંપડપટૃીના ઝુંપડા હટાવવામાં આવેલ ત્યારે સર્વે મુજબ ૧૨૧ ઝુંપડા હતાં તેમાંથી ૮૩ ઝુંપડાવાસી અસરગ્રસ્તોને ફાળવણી થયેલ છે. મકાન ફાળવણી અંગેના પુરાવામાં ૧. મકાનનું જુનામાં જુનું વેરાબીલ/રસીદર ૨. લાઈટબીલ, ટેલીફોન બીલ, ગેસબીલ, ડ્રાઈવીંગ લાયસન્સની જુનામાં જુની કોપી ૩. સને ૨૯૯૭ ની મતદાર યાદી ૪. જન્મ મરણના દાખલાનું પ્રમાણપત્ર ગ્રાહય રાખેલ છે. મુદૃા નં.(૩) સ્થા.સ.ના થયેલ ઠરાવમાં વૈકલ્પિક અસરગ્રસ્ત માટે જે મકાનની ફાળવણી અંગે લીંબાયતઝોનને મળેલ પરિપત્રની નકલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા સ્થા. સમિતિમાં થયેલ તા.૨૮–૧૨–૦૭ ના ઠરાવ નં.૧૮૩૮/૨૦૦૭ ની તેમજ તા.૨–૭–૦૯ ના ઠરાવ નં.૮૧૪ /૨૦૦૯ ની એક એક નકલ કુલ્લે પાના ૪ પૂરા પાડવામાં આવેલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. સદરહુ મુદૃા નં.૧ થી ૩ ની માહિતી સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૬૪ તા.૧૬–૧૦–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. મુદૃા નં.(૪) ૪૧ઈ–૯૨ –૨૦૫૩ –૦ –૦૦૧ અને ૪૧ઈ–૯૨–૨૦૬૫–૦–૦૦૧ કેટલા વર્ષથી દાખલ છે તેના નામ સરનામાં અને આકારણી દફતરે નામ હોય તો તેના વેરા બીલની નકલની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૩૩ તા.૯–૧૦–૦૯ થી ૪૧ઈ–૯૨ –૨૦૫૩ –૦ –૦૦૧ વર્ષ ૧૯૮૦ માં મ્યુ. આકારણી

દફતરે કબ્જેદાર પ્રકાશ છત્તુરામ યાદવનું નામ દાખલ કરવામાં આવેલ. જેનું સરનામું ઝુંપડા નં.૫૩. માછીવાડ ઝુંપડપટ્ટી આંજણા ટેનામેન્ટ પાસે, સુરત છે. જયારે ટેના નં.૪૧ઈ–૯૨–૨૦૬૫–૦–૦૦૧ વર્ષ ૧૯૭૮ થી દાખલ કરવામાં આવેલ કબ્જેદારનું નામ દુર્ગાપ્રસાદ રામબીહારી ચૌહાણ છે. જેનું સરનામું ઝુંપડા નં.૬૫, માછીવાડ, ઝુંપડપટ્ટી આંજણા ટેનામેન્ટ પાસે, સુરત છે. વેરાબીલની નકલો રેકર્ડ ઉપર રાખવામાં આવતી નથી. વધુમાં માછીવાડ ઝુંપડપટ્ટી તા.૧૬–૨–૦૯ એ અત્રેથી ખસેડવામાં આવેલ છે તેવી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે તા.૨૨–૧૦–૦૯ થી અપીલ અરજી કરી મુદ્દા નં.૧ થી ૩ માહિતી નહીં મળ્યાથી અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૪ ની માહિતી મળેલ છે પરંતુ તે બાબતે મુળ અરજીથી અલાયદી મકાનની ફાળવણી બાબતે રજૂઆત કરી ન્યાય અપવવાની માંગણી કરેલ છે. અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૬૪ તા.૧૬–૧૦–૦૯ થી તથા મુદ્દા નં.૪ ની માહિતી સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૩૩ તા.૧૯–૧૦–૦૯ થી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં મુદ્દા નં.૪ અંગે અરજદારની મુળ અરજીથી અલાયદી માંગણી આરટીઆઈના કાયદા સાથે સુસંગત ન હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૮૧ તા.૧૩–૧૧–૦૯ થી ૪૧ઈ–૯૨–૨૦૫૩–૦–૦૦૧ ૫૨ સ્થા.સ. ઠ નં.૮૧૪/૨૦૦૯ તા.૨–૭–૦૯ થી નકકી થયેલી નિતી મુજબ બાયોમેટ્રીક વેરીફીકેશન કરી અરજદાર શ્રી રેણુકા વિજય મીટના અને વિજય કિશન મીટનાને એચ.આઈ. એન.નં.૩૨૬ ડુંભાલ ફ્લેટ નં.ઈ–૧–૧૫ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. તથા ૪૧ઈ–૯૨–૨૦૬૫–૦–૦૦૧ ઉપર અરજદાર તરફથી નિયમોનુસાર અરજી ફોર્મ ભરી કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રામદાસભાઈ ભીખાભાઈ ચૌધરી